આંક–૨૧

**નામદાર મજૂર અદાલત,સુરતના એકસ ઓફીસીઓ કમિશ્નર ફોર ધી વ.કો. એકટ શ્રી એચ.કે.મેરીયા સાહેબ સમક્ષ**

**ડબલ્યુ.સી.(ફેટલ)અ.નં.૪/૨૦૨૪**

**અરજદાર–** **રાની વિજયકુમાર યાદવ તે સ્વ.વિજયકુમાર શીતલા પ્રસાદ વિવધા પત્ની કાયદેસરના વારસદાર,ઉ.વ.આ.૩૬,**
રહે.ગામ–બછઈપુર બીકાપુર,મોજા–રજોરા,જોહન,ફૈજાબાદ,
હરરીંગટોનગંજ,ઉત્તરપ્રદેશ–૨૨૪૨૦૮

વિરુધ્ધ

**સામાવાળા–** **વ્યવસ્થાપક/પ્રોપ્રાયટર/ભાગીદારશ્રી**
(૧) ધર્મનંદન ટેક્ષટાઈલ (૨) ઓમ ટેક્ષટાઈલ
ઠે.૧૯,૨૦,ગોકુલ ઈન્ડ.એસ્ટેટ સાયણ શેખપુર રોડ સાયણ
તા.ઓલપાડ જિલ્લો–સુરત–૩૯૪૧૩૦

હાજર રહ્યા– અરજદાર તર્ફે– વિ.પ્ર.શ્રી રામમૂર્તી યાદવ
સામાવાળા તર્ફે– વિ.વ.શ્રી જયેશભાઈ બરવાળીયા

– ચુકાદો –

આ કામે અરજદારે વર્કમેન કોમ્પેનસેશન એકટ અન્વયે આંક–૧ની અરજીમાં એવી હકીકત જણાવેલ છે કે, તેણીના પતિ સ્વ.વિજયકુમાર શીતલાપ્રસાદ યાદવ સમાવાળા સંસ્થામાં મોટા ભાગે કાપડ વણાટ કરવાનું કામકાજ કરતા હતા અને આ બંને સંસ્થાઓમાં અવાર નવાર બીમ ઉચકવાનું કામ પણ કરતા હતા અને તા.૧૨/૦૪/૨૦૨૩ ના રોજ નાઈટ શીફ્ટમાં અરજદારના પતિ ફરજ ઉપર હતા તે દિવસે બીમ ઉંચકવાથી અને વધારે કામ કરવાથી તેને શારીરિક થાક અને માનસિક થાય હોવાના કારણે સવારે સાત વાગ્યે નોકરીમાંથી છુટા પડયા પછી સંસ્થાની પ્રિમાઈસીસમાં આવેલ રૂમમાં જઈને સુઈ ગયેલ અને વધુ પડતા શારીરિક શ્રમના કારણે તેઓને ઊંઘમાં જ એટેક આવી જતા ઊંઘમાં જ મુત્યુ પામેલ હોવાનું જણાવી અને તેણીના પતિનું અવસાન સંસ્થામાં ચાલુ નોકરી દરમિયાન થયેલ હોય જેથી કામદાર વળતર અધિનિયમ હેઠળ ૧૦૦% વળતર ચુકવવા સામાવાળા જવાબદાર થયેલ છે.આમ,આ કામના સામાવાળાઓએ અરજદારને અકસ્માત વળતરની રકમ રૂ.૧૪,૭૭,૯૫૦/–,અંતિમ સંસ્કાર ના રૂ.૫,૦૦૦/– આમ,કુલ મળી રૂ.૧૪,૮૨,૯૫૦/– પુરા અને ૫૦% પેનલ્ટી તથા તા.૧૨/૦૫/૨૦૨૩ થી

અકસ્માત વળતરના નાણાં ન ચુકવે તે તારીખ સુધીના ૧૨% લેખે વ્યાજ ચુકવી આપવા આ કામના સામાવાળાઓ સંયુકત અને વિભકત રીતે જવાબદાર થાય છે તેવો હુકમ ફરમાવવા અરજ કરેલ છે તેમજ અરજી ખર્ચ અપાવવા અરજ ગુજારેલ છે.સદરહું કામ અરજદારના પુરાવા પર તથા દસ્તાવેજો રજુ કરવાના તબકકા પર મુલત્વી હોય ત્યારે અરજદાર તેના પ્રતિનિધિશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર થઇ આંક–૧૯ થી કામ બોર્ડ ઉપર લેવા અરજી આપી,આ કામે આંક–૨૦ થી વિડ્રો પુરસીસ રજુ કરી એવી હકીકત જણાવેલ છે કે,આ કામમાં અરજદાર અને સામાવાળા વચ્ચે ઘરમેળે સુખદ સમાધાન થઇ ગયેલ હોવાથી હવે,આ કામ આગળ ચલાવવા માંગતા ન હોવાથી  સદર કેસ પાછો ખેંચે છે .આમ,સદર વિડ્રો પુરસીસ અરજદારને વાંચી ,સંભળાવી ,સમજાવતા ખરી હોવાનું કબુલ મંજુર રાખેલ છે જેથી સદરહું કેસ વિડ્રો પુરસીસના આધારે આજરોજ ફેંસલ કરવાનો હુકમ કરવામાં આવે છે. ખર્ચ અંગે હુકમ નથી.

હુકમ આજરોજ તા.૧૭ મી માહે–માર્ચ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તારીખ : ૧૭/૦૩/૨૦૨૬**
**સ્થળ : સુરત.**

**(હિતેન્દ્રભાઈ કરશનભાઈ મેરીયા)**
**CODE : GJ01279**
**કમિશ્નર,**
**એમ્પ્લોઈ કોમ્પેનસેશન એકટ,**
**લેબર કોર્ટ, સુરત.**